સમયસર દંડ નહીં ભર્યો તો વાહન સેવાઓ થશે બ્લોક

ગુજરાતમાં હવે ટ્રાફિક ચલણ માટે 'ન્યૂ જનરેશન ચલણ સિસ્ટમ' શરૂ

અમદાવાદ, રાજ્યમાં ટ્રાફિક વ્યવસ્થાને વધુ પારદર્શક, ઝડપી અને ડિજિટલ બનાવવાના હેતુથી ગુજરાત સરકાર દ્વારા 'ન્યૂ જનરેશન ચલણ સિસ્ટમ' અમલમાં મૂકવામાં આવી છે. ૧૨ ઓગસ્ટથી સમગ્ર રાજ્યમાં આ નવી સિસ્ટમનો સત્તાવાર રીતે પ્રારંભ કરી દેવામાં આવ્યો છે. આ નવીન સિસ્ટમ થકી ટ્રાફિક નિયમોના ભંગ બદલ ઈ-ચલણ અને ભૌતિક ચલણ મોકલવાથી લઈને તેના નિવારણ સુધીની સમગ્ર પ્રક્રિયા માટે ચોક્કસ સમયમર્યાદા નક્કી કરવામાં આવી છે.



નવી સિસ્ટમ હેઠળ ટ્રાફિક નિયમભંગ બદલ ઈ-ચલણ ૩ દિવસમાં અને ભૌતિક ચલણ ૧૫ દિવસની અંદર વાહનચાલક સુધી પહોંચાડી દેવામાં આવશે. ચલણ જાહેર થયાની તારીખથી ૪૫ દિવસની અંદર વાહનચાલકે કાં તો દંડની રકમ ભરી દેવી પડશે અથવા તો તે ચલણ સામે વાંધો હોય તો પોર્ટલ પર તેને પડકારવું ફરજિયાત રહેશે. નિયત સમયમાં દંડ ન ભરાય તો ડ્રાઇવિંગ લાયસન્સ (DL) અને RC બુક સંબંધિત તમામ કામગીરી અટકાવી દેવાશે. એક વર્ષમાં પથી વધુ વખત ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરનારનું લાયસન્સ સસ્પેન્ડ કરવામાં આવશે. જો ૪૫ દિવસની મર્યાદામાં ચલણ સામે કોઈ પડકાર કે વાંધો નોંધાવવામાં નહીં આવે, તો વાહનચાલકે તે ચલણ સ્વીકારી લીધું છે, તેમ ગણી લેવામાં આવશે. ચલણ સ્વીકારાયા બાદ રકમની ભરપાઈ કરવા માટે વાહનચાલકને વધારાના ૩૦ દિવસનો સમય આપવામાં આવશે.

RTO માં કોઈ પણ અરજી કરતા પહેલા સિસ્ટમ આપોઆપ બાકી ચલણ ચેક કરી લેશે. ૯૦ દિવસથી વધુ જૂના ચલણ આપમેળે જામીનપાત્ર કાર્યવાહી માટે વર્ચ્યુઅલ ટ્રાફિક કોર્ટમાં ટ્રાન્સફર થઈ જશે. જો કોઈ વાહનચાલક પોર્ટલ પર ચલણ સામે પડકાર નોંધાવે છે અને સક્ષમ સત્તાધિકારી દ્વારા તે રજૂઆતને નામંજૂર કરવામાં આવે, તો આદેશ જારી થયાની તારીખથી ૩૦ દિવસની અંદર દંડની રકમ ચૂકવવાની તક આપવામાં આવશે.

સુરતમાં ખાડી પૂર બાદ રોગચાળો ફાટી નીકળ્યો

સિવિલ હોસ્પિટલમાં રોજના ૧૦૦૦થી વધુ કેસ, દર્દીઓની લાંબી લાઈનો

સુરત, રાજ્યમાં એક બાજુ ચાંદીપુરા વાયરસ બાળકો પર કહેર બનીને વરસી રહ્યો છે, ત્યાં હવે સમાચાર મળી રહ્યા છે કે સુરત શહેરમાં તાજેતરમાં આવેલા ખાડી પૂરના કારણે સર્જાયેલી જળબંબાકારની સ્થિતિ બાદ હવે ગંભીર રોગચાળો ફાટી નીકળ્યો છે. પૂરના પાણી ઓસરતાની સાથે જ શહેરના નીચાણવાળા અને અસરગ્રસ્ત વિસ્તારોમાં મચ્છરજન્ય અને દૂષિત પાણીથી થતા રોગોનું પ્રમાણ ચિંતાજનક હદે વધી ગયું છે. હાલમાં સુરત સિવિલ હોસ્પિટલ દર્દીઓથી ઉભરાઈ રહી છે અને સ્વાસ્થ્ય તંત્ર દોડતું થઈ ગયું છે.

સુરત સિવિલ હોસ્પિટલના મેડિસિન વિભાગમાં રોજના ૧૦૦૦થી વધુ નવા કેસ નોંધાઈ રહ્યા છે. પૂરના દૂષિત પાણી અને ભેજવાળા વાતાવરણને કારણે ખાસ કરીને ઝાડા-ઉલટી અને પેટના રોગો, અતિશય તાવ (વાયરલ અને ઇન્ફ્લુ/મેલેરિયાના શંકાસ્પદ), શરદી, ઉધરસ અને શ્વાસ સંબંધિત તકલીફો જેવા લક્ષણો ધરાવતા દર્દીઓની સંખ્યામાં મોટો ઉછાળો જોવા મળ્યો છે.

શહેરના ખાસ કરીને ખાડી કિનારે આવેલા અને પૂરના પાણીમાં ગરકાવ થયેલા વિસ્તારોમાંથી દર્દીઓનો સૌથી વધુસૂરો હોસ્પિટલ પહોંચી રહ્યો છે. જેમાં પાંડેસરા, ડીંડોલી, ઉધના, પર્વત પાટિયા અને સચિન વિસ્તારમાં રોગચાળાની અસર સૌથી વધુ જોવા મળી રહી છે.

સ્વાતંત્ર્ય પર્વ પર રાષ્ટ્રપતિ ચંદ્રકની જાહેરાત

ગુજરાત પોલીસના ૧૯ અધિકારીઓ અને કર્મચારીઓને રાષ્ટ્રપતિ પોલીસ મેડલ

ગાંધીનગર, ગુજરાત પોલીસ દળના અધિકારીઓ અને કર્મચારીઓની ઉત્કૃષ્ટ, નિષ્ઠાવાન તથા પ્રશંસનીય સેવાઓને બિરદાવતા રાજ્યના ૧૯ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓની રાષ્ટ્રપતિ પોલીસ મેડલ (Presidents Police Medal) માટે પસંદગી કરવામાં આવ્યા છે.

આ સન્માનથી ગુજરાત પોલીસ બેડામાં ભારે ઉત્સાહ અને ગૌરવની લાગણી વ્યાપી ગઈ છે.

અત્યંત વિશિષ્ટ અને ઉત્કૃષ્ટ સેવાઓ બદલ આપવામાં આવતા પ્રેસિડેન્ટ્સ મેડલ ફોર ડિસ્ટિંગ્વિશ્ડ સર્વિસ (PSM) માટે ગુજરાતના ૨ ઉચ્ચ પોલીસ અધિકારીઓની પસંદગી કરવામાં આવી છે. જેમાં અમિત કુમાર કિશોર વિશ્વકર્મા (એડિશનલ ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ - ADGP) અને બહાદુરસિંહ અભેસિંહ ચુડાસમા (ડિપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ - DySP)નો સમાવેશ થાય છે.

સરાહનીય અને પ્રશંસનીય કામગીરી બદલ એનાયત થતા મેડલ ફોર મેરીટોરિયસ સર્વિસ (MSM) માટે ગુજરાત પોલીસના ૧૭ અધિકારીઓ અને કર્મચારીઓની પસંદગી કરવામાં આવી છે.

૧. સૌરભ દૌલાલ તોલુંબિયા (આઈજીપી - IGP)

૨. કનૈયા લક્ષ્મણભાઈ વાઘેલા (ડિપ્યુટી એસપી - DySP)

૩. બાબાભાઈ રામજીભાઈ કોળી (પોલીસ ઈન્સ્પેક્ટર - PI)

૪. બળવંતસિંહજી મોતીસિંહજી સોલંકી (આર્મ્ડ પોલીસ સબ ઈન્સ્પેક્ટર - APSI)

૫. દિલીપસિંહ કિર્તિસિંહ રાણા (આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર - ASI)

૬. સંદીપ મહેન્દ્રભાઈ પટેલ (પોલીસ સબ ઈન્સ્પેક્ટર - PSI)

૭. જયસિંહ ઘનશ્યામસિંહ રાજ (પોલીસ સબ ઈન્સ્પેક્ટર - PSI)

૮. દિનેશકુમાર મણિભાઈ પટેલ (પોલીસ સબ ઈન્સ્પેક્ટર - PSI)

૯. અનિલ શિવરામન નાયર (પોલીસ સબ ઈન્સ્પેક્ટર - PSI)

૧૦. નાનજી તારશીભાઈ અઘેરા (આર્મ્ડ પોલીસ સબ ઈન્સ્પેક્ટર - APSI)

૧૧. સબ્બીર ખાન કરીમ ખાન થેબા (આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર - ASI)

૧૨. અજય પ્રહલાદભાઈ ઓઝા (હેડ કોન્સ્ટેબલ)

૧૩. તરુણસિંહ ગણપતસિંહ સોલંકી (હેડ કોન્સ્ટેબલ)

૧૪. ઉત્તમસિંહ ગુણવંતસિંહ ઝાલા (પોલીસ સબ ઈન્સ્પેક્ટર - PSI)

૧૫. રાજેશકુમાર કરશનભાઈ મીર (હેડ કોન્સ્ટેબલ)

૧૬. ભરતસિંહ નટવરસિંહ વાઘેલા (પોલીસ સબ ઈન્સ્પેક્ટર - PSI)

૧૭. કલ્પેશકુમાર સોમાભાઈ દેસાઈ (આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર - ASI)

રાજ્યમાં શાંતિ, સુરક્ષા અને કાયદો-વ્યવસ્થા જાળવવામાં અહમ ભૂમિકા ભજવનાર આ તમામ ૧૯ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓને તેમની અપ્રતિમ સેવાઓ બદલ દેશના સર્વોચ્ચ એવોર્ડ પૈકીના એક એવા રાષ્ટ્રપતિ પોલીસ મેડલથી સન્માનિત કરવામાં આવશે.

ભારતે વિકાસની નવી ઊંચાઈઓ સર કરી છે : સીએમ

૮૦મા સ્વાતંત્ર્ય પર્વની પૂર્વ સંધ્યાએ CM ભૂપેન્દ્ર પટેલનો પ્રજાજોગ સંદેશ

ગાંધીનગર, ૮૦મા સ્વાતંત્ર્ય પર્વની પૂર્વ સંધ્યાએ રાજ્યના મુખ્યમંત્રીએ રાજ્યની જનતાને પ્રજાજોગ સંદેશ આપતાં સ્વતંત્રતા દિવસની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી. પોતાના સંબોધનમાં તેમણે આઝાદીના આઠ દાયકા ગૌરવભેર પૂર્ણ થવા બદલ દેશના તમામ સ્વાતંત્ર્ય સેનાનીઓ અને બલિદાનીઓને શ્રદ્ધાસુમન અર્પણ કરી વંદન કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, ભારતે વિરાસતના ગૌરવ સાથે વિકાસની નવી ઊંચાઈઓ સર કરી છે અને વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતનો સંકલ્પ ચોક્કસ સાકાર થશે.

યુવા શક્તિ અને શિક્ષણ: રાજ્યમાં પરીક્ષા સુધારા વિધેયક લાવવાથી વિદ્યાર્થીઓનું ભવિષ્ય વધુ સુરક્ષિત બન્યું છે. નવીન તકોને કારણે રાજ્યના યુવાનો હવે જોબ સીકર (નોકરી શોધનાર)માંથી જોબ ગિવર (નોકરી આપનાર) બન્યા છે.

ગરીબો અને વંચિતોનો ઉદ્ધાર: સમાજના ગરીબ અને વંચિત વર્ગો માટે અનેક જનકલ્યાણકારી યોજનાઓ કાર્યરત કરવામાં આવી છે, જેનાથી છેવાડાના માનવી સુધી લાભ પહોંચી રહ્યો છે.

ખેડૂત કલ્યાણ અને આપત્તિ વ્યવસ્થાપન: બીજથી બજાર સુધી સરકાર ખેડૂતોની સાથે મજબૂતીથી ઊભી છે. આ ઉપરાંત, કુદરતી આફતો સમયે પણ સરકારે હંમેશાં ઉદાર સહાય પેકેજ આપીને નાગરિકો અને ખેડૂતોને આર્થિક ટેકો પૂરો પાડ્યો છે.

નારી શક્તિનું સ્વાવલંબન: મહિલાઓના સ્વાવલંબન અને સશક્તિકરણ માટે સરકાર કટિબદ્ધ છે.

મ્યુનિ. કમિશનર અરુણ મહેશ બાબુએ જણાવ્યું

ઈ-બસ શહેર પૂરતી નહીં વુડા ૨૫ કિલોમીટરને આવરી લેશે

ઈલેક્ટ્રીક બસની સામે જરૂરી ચાર્જિંગ સ્ટેશન ઉભા કરવા અને તે ઉભા કરતા અગાઉ જે વિસ્તારમાં ચાર્જિંગ સ્ટેશન બનાવવામાં આવે તે જગ્યાની પૂર્તતા કરવાનું સૂચન કર્યું હતું

વડોદરા, વડોદરા કોર્પોરેશનમાં જીપીએમસી એક્ટની કલમ હેઠળ વર્ગ એકમાં ટ્રાન્સપોર્ટ મેનેજર (વાહન વ્યવહાર મેનેજર)ની ભરતી કરવા માટે સાતમા પગાર પંચમાં પે મેટ્રિક્સ અંતર્ગત ભરતી કરવાની દરખાસ્ત આવતા કોંગ્રેસના સભ્યોએ આ મામલે સાવચેતીપૂર્વક નિર્ણય કરવા જણાવ્યું હતું. ઈલેક્ટ્રીક બસની સામે જરૂરી ચાર્જિંગ સ્ટેશન ઉભા કરવા અને તે ઉભા કરતા અગાઉ જે વિસ્તારમાં ચાર્જિંગ સ્ટેશન બનાવવામાં આવે તે જગ્યાની પૂર્તતા કરવાનું સૂચન કર્યું હતું.

પાલિકામાં ટ્રાન્સપોર્ટ મેનેજરની ભરતી હેઠળ સાતમા પગાર પંચમાં પે મેટ્રિક્સ રૂ.૬૭,૭૦૦-૨,૦૮,૭૦૦માં કોર્પોરેશનની મંજૂરી મળવા હેઠળ રાજ્ય સરકારની મંજૂરી મેળવવા કમિશનરને અધિકૃત કરવાની દરખાસ્ત અંગે ચર્ચા થઈ હતી. જેમાં કોંગ્રેસના કોર્પોરેટર આશિષ જોશીએ જણાવ્યું હતું કે, આપણી પાસે જે રીતે ઈલેક્ટ્રીક બસો આવી છે તે પ્રમાણે જરૂરી ચાર્જિંગ સ્ટેશન ઉપલબ્ધ નથી. આગામી દિવસોમાં જો નવી બસો આવશે તો આ બધાના ચાર્જિંગની સુવિધા કેવી રીતે ઊભી કરાશે? અગાઉ ગોત્રીમાં ચાર્જિંગ સ્ટેશન બનાવવા સામે સ્થાનિક લોકોએ વિરોધ લીધો હતો ત્યારે બીજા ચાર્જિંગ સ્ટેશન અગાઉ આવું ન થાય તેનું ધ્યાન રાખવા તેમણે જણાવ્યું હતું.

કોંગ્રેસના કોર્પોરેટર પુષ્પોબેન વાઘેલા જણાવ્યું હતું કે, તા.૨૦ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ સયાજીગંજ ખાતે ચાર્જિંગ સ્ટેશન બનાવવાનું નક્કી થયું પરંતુ બુલેટ ટ્રેન પ્રોજેક્ટવાળાએ ત્યાં ચાર્જિંગ સ્ટેશન બનાવવાનો ઈનકાર કરતા આપણે તેને સયાજીપુરા ખાતે શિફ્ટ કરવું પડ્યું ત્યારે ચાર્જિંગ સ્ટેશનના સ્થળના ઠરાવ અગાઉ યોગ્ય પ્રક્રિયા થાય તેને ધ્યાને લેવા તેમણે હાકલ કરી હતી.

આ અંગે મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુએ જણાવ્યું હતું કે, આપણને હાલ ૫૦ ઈલેક્ટ્રીક બસ ફાળવવામાં આવી છે અને આવતા મહિને વધુ ૨૩ ઈલેક્ટ્રિક બસ આવવાની છે. કુલ ૨૦૦ ઈલેક્ટ્રીક બસ આપણને મળવાની છે. હાલ મળેલી બસ સામે અત્યારે એક જ ચાર્જિંગ સ્ટેશન છે પરંતુ આગામી દિવસોમાં ત્રણેય ઝોનમાં એક-એક ચાર્જિંગ સ્ટેશન વધારવાનું આયોજન છે. આ બધું તબક્કાવાર રીતે પૂર્ણ કરવામાં આવશે. આપણે ઈલેક્ટ્રીક બસ માત્ર શહેર પૂરતી મર્યાદિત રીતે ચલાવવાની નથી પરંતુ વુડા વિસ્તાર અને શહેરની આજુબાજુનો ૨૫ કિલોમીટર સુધીનો વિસ્તાર આવરી લેવાય તેવું આયોજન છે. આગામી દિવસોમાં સયાજીપુરા, મકરપુરા અને ભાયલીમાં ચાર્જિંગ સ્ટેશન બનાવવાનું આયોજન છે.

હળવદમાં ગેરકાયદે માટી ખનન પર ખાણ-ખનીજ વિભાગનો સપાટો

મોરબી, મોરબી જિલ્લાના હળવદ તાલુકામાં ગેરકાયદેસર ખનન પ્રવૃત્તિઓ સામે ખાણ ખનીજ વિભાગે મોટી કાર્યવાહી હાથ ધરી છે.

હળવદના મયુરનગર ગામ નજીક ગેરકાયદેસર રીતે માટીનું ખનન ચાલી રહ્યું હોવાની માહિતી મળતા જ ખાણ ખનીજ વિભાગની ટીમે દરોડો પાડ્યો હતો. આ સરપ્રાઈઝ ચેકિંગ દરમિયાન ખનન સ્થળે અફરાતફરી મચી ગઈ હતી.

ખાણ ખનીજ વિભાગની ટીમ દ્વારા સ્થળ પર જઈને તપાસ કરતા મોટા પાયે ગેરકાયદેસર રીતે માટીનું ખોદકામ અને પરિવહન થઈ રહ્યું હોવાનું સામે આવ્યું હતું. આ કાર્યવાહી દરમિયાન ટીમે સ્થળ પરથી ખનન કાર્યમાં ઉપયોગમાં લેવાતા ૩ ડમ્પરો તેમજ ૧ હિટાચી મશીન સીઝ કરીને કબજે લીધા છે. દરોડા દરમિયાન જપ્ત કરવામાં આવેલા તમામ વાહનો અને મશીનરીને આગળની કાયદેસરની કાર્યવાહી માટે હળવદ પોલીસ મથકના હવાલે કરવામાં આવ્યા છે. ખાણ ખનીજ વિભાગ દ્વારા ગેરકાયદેસર ખનન કરનારા તત્વો સામે દંડકીય કાર્યવાહી સહિતનો ગુનો નોંધવાની તજવીજ હાથ ધરવામાં આવી છે, જેનાથી ભૂમાફિયાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

NARMADA MACPLAST DRIP IRRIGATION SYSTEMS LTD

CIN :L25209GJ1992PLC017791
Address: lot No.119-120, Santej-Vadsar Road, At Santej, Taluka: Kalol
Phone No. 079-27498670 Website: www.narmadadrip.com

Standalone Financial Result for the period ended on 30.06.2026

Rs.in Lakhs

Particulars	Quarter Ended 30-06-2026 Unaudited	Quarter Ended 31-03-2026 Audited	Quarter Ended 30-06-2025 Unaudited	Year Ended 31 March 2026 Audited
Income				
Revenue From Operations	368.73	373.69	310.16	1,330.70
Other Income			-	-
Total Income	368.73	373.69	310.15	1,330.70
Expenses				
Purchases of Stock-in-Trade	290.71	301.65	251.27	1,062.70
Employee benefits expense	0.74	0.96	1.53	4.33
Finance costs	-	-	-	-
Depreciation and amortization expense	0.10	0.08	0.08	0.32
Other expenses	16.27	10.41	3.11	37.01
Total expenses	307.81	313.11	255.99	1,104.35
Profit/(loss) before tax	60.92	60.58	54.17	226.35
Tax expense				
Current tax	15.84	15.67	14.08	58.85
Deferred Tax	-	-	-	
Total Tax expense	15.84	15.67	14.08	58.85
Profit/(loss) after tax for the period	45.08	44.91	40.09	167.50
Other Comprehensive Income				
Total Other Comprehensive Income	-	-	-	-
Total Comprehensive Income for the period	45.08	44.91	40.09	167.50
Earnings per equity share				
Basic	1.24	1.24	1.11	4.62
Diluted	1.24	1.24	1.11	4.62

Notes:
1. The above Unaudited Financial Results were reviewed by the Audit Committee and approved by the Board of Directors in their respective meetings held on 14th August, 2026.
2. The above Unaudited financial results have been prepared in accordance with Indian Accounting Standards (Ind AS), the provisions of the Companies Act, 2013 ("the Act"), as applicable and guidelines issued by the Securities and Exchange Board of India ("SEBI"). The Ind AS are prescribed under Section 133 of the Act read with Rule 3 of the Companies (Indian Accounting Standards) Rules, 2015 and Companies (Indian Accounting Standards) Amendment Rules, 2016.
3. There are no reportable segments , which signify or in the aggregate qualify for separate disclosure as per provisions of the relevant Ind AS. The Management does not believe that the information about segments which are not reportable under Ind AS, would be useful to the users of these financial statements.

For and on behalf of Board of Directors,
Narmada Macplast Drip Irrigation Systems Limited
Sd/-
Vrajlal Vaghasia
Managing Director
(DIN : 02442762)

Place: Ahmedabad
Date:14-08-2026

SHREE METALLOYS LIMITED

(CIN:L67120GJ1994PLC023471)
(Regd. Off:- 103, SUN SQUARE, NR. KLASSIC GOLD HOTEL, OFF. C.G.ROAD, AHMEDABAD - 380009, Gujarat)
E-mail: shreemetalloys.ahd@gmail.com website:www.shreemetalloys.com
Contact No: 079-26300054

Extract of Un-Audited Financial Results for the Quarter ended 30th June, 2026

(Amt in Lakh)

Particulars	Quarter Ended 30/06/2026 (Unaudited)	Quarter Ended 30/06/2025 (Unaudited)	Year ended 31/03/2026 (audited)
Total income from operations (net)	4603.39	1738.31	10373.45
Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items)	54.21	16.34	201.00
Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items)	54.21	16.34	201.00
Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items)	47.18	12.37	144.79
Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)]	47.18	12.37	144.79
Equity Share Capital	525.63	525.63	525.63
Earnings Per Share (of ` Rs.10/- each)(for continuing and discontinued operations)			
Basic :	0.90	0.24	2.75
Diluted:	0.90	0.24	2.75

Note:
1. The aforesaid financial results have been reviewed and recommended by Audit Committee and approved by the Board of Directors at their meeting held on 14/08/2026.
2. The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly Financial Results are available on the the website of the Company (www.shreemetalloys.com) and on the website of BSE Ltd (www.bseindia.com)
3. The impact on net profit / loss, total comprehensive income or any other relevant financial item(s) due to change(s) in accounting policies shall be disclosed by means of a footnote.
4. Exceptional and/or Extraordinary items adjusted in the Statement of Profit and Loss in accordance with Ind-AS Rules / AS Rules, whichever is applicable.

For and on behalf of Board
For, SHREE METALLOYS LIMITED
Sd/-
Company Secretary
(M.no: A52819)

Date: 14/08/2026
Place: Ahmedabad

Lippi Systems Limited

CIN :- L22100GJ1993PLC020382
Reg.Off: 601 & 602, 6th Floor, Shaligram Corporate, Nr.Dishman house, Iscon-Ambli Road, Ahmedabad-380058. Ph.No.079-35219264
Email Id:-cs@lippisystems.com,officelippi@gmail.com web site :-www.lippisystems.com

Unaudited Standalone Financial Results for the Quarter and Year ended June 30, 2026

(Amount in Lakh)

S. No.	Particulars	Standalone Quarter ended 30th June, 2026	31st March, 2026	30th June, 2025	Year Ended March 31,2026 (Audited)
	Total Income From Operations	**37.92**	**30.81**	**12.96**	**799.39**
1	**Profit /(loss) before exceptional items and tax**	**(0.10)**	**(68.93)**	**(27.69)**	**505.91**
2	**Profit / (loss) before tax (after Execption and/or Extraordinary items)**	**(0.10)**	**(68.93)**	**(27.69)**	**505.91**
3	**Profit / (loss) for the period after tax (after Execption and/or Extraordinary items)**	**(0.28)**	**(51.73)**	**(22.07)**	**377.24**
4	Other Comprehensive income (OCI)	0.18	0.78	(0.02)	0.73
5	**Total Comprehensive Income for the period**	**(0.10)**	**(50.96)**	**(22.09)**	**377.97**
6	Paid - up equity share capital (face value of share : Rs 10 each)	700.00	700.00	700.00	700.00
7	**Earnings per share (EPS) of Rs 10 each (Not annualised) :**				
	(a) Basic EPS (Rs.)	(0.00)	(0.74)	(0.32)	5.39
	(b) Diluted EPS (Rs.)	(0.00)	(0.74)	(0.32)	5.39

Notes:
1. The above is an extract of the detailed format of Quarterly financial results filed with the stock Exchange under regulation 33 of the SEBI (LODR) regulations, 2015. The full format of the Unaudited financial result for the quarter ended on 30th June, 2026 are available on the stock exchange website (www.bseindia.com) and on company's website-www.lippisystems.com.

For Lippi Systems Ltd
Sd/-
Nandlal J. Agrawal
Manging Director
DIN: 00336556"

Place: Ahmedabad
Date: August 14, 2026

ZEAL AQUA LIMITED

CIN: L05004GJ2009PLC056270
Registered Office: At Olpad GIDC Pl No. 4, 5, Ta Olpad, Surat 394540, Gujarat
Tel.: +02621-220047; Website:www.zealaqua.com Email Id: zealaqua@gmail.com

Extract of Unaudited Financial Result for the Quarter ended 30th June, 2026

Amount in Lakh except EPS

SR. No.	Particulars	Quarter ended 30th June 2026 (Unaudited)	Quarter ended 31st March 2026 (Audited)	Quarter ended 30th June 2025 (Unaudited)	Year ended 31st March 2026 (Audited)
1	Total Income from Operations	15, 413.16	14429.50	12561.911	68595.95
2	Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items)	306.06	258.61	238.798	1961.92
3	Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items)	306.06	258.61	238.798	1961.92
4	Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items)	215.31	203.82	153.798	1411.13
5	Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income(after tax)]	216.63	206.23	153.798	1413.54
6	Paid-up Equity Share Capital (face value of Rs.1/-each)	1260.660	1260.660	1260.660	1260.660
7	Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of the previous year	-	-	-	9064.88
8	Earnings Per Share (face value of Re. 1/- each) (for continuing and discontinued operations)				
	1. Basic	0.172	0.162	0.12	0.80
	2. Diluted	0.172	0.162	0.12	0.80

Note:
1. The above is an extract of the detailed format of Quarterly/Annual Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing and Other disclosure Requirements) Regulations, 2015.The full format of the Quarterly/Annual Financial Results are available on the websites of the Stock Exchange(s) at www.bseindia.com and the listed entity at www.zealqua.com.
2.The above financial results have been reviewed and recommended by the Audit Committee and have been approved and taken on record by the Board of Directors at its meeting held on 14th August, 2026.

For Zeal Aqua Limited
Sd/-
Mr. Pradipkumar Navik
(Managing Director)
DIN: 01067716

Date: 14.08.2026
Place: Surat